Letter No: WCDD/0368/07/2023 Dt: 17-08-2023

પોષણ અભિયાન ૨.૦ હેઠળની રાજ્ય કક્ષાની ૦૩ જગ્યાઓની સેવા આઉટસોર્સથી ભરવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંકઃ WCDD/DRA/e-file/23/2022/0033/B-1

સચિવાલય, ગાંધીનગર.

**<u>વંચાણે લીધાઃ-</u>**

1. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૦૨૦૧૮/૧૨૩૨/બ-૧, તા.૧૯/૦૭/૨૦૧૮.
2. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૧૯/૧૬/બ, તા.૨૩/૦૧/૨૦૧૯.
3. મહિલા અને બાળ વિકાસ વિભાગનો સમાન ક્રમાંકનો ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૦૨૦૨૧/૫૧૩/બ૧, તા.૩૧/૦૩/૨૦૨૨.
4. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૦૨૦૨૧/૫૧૩/બ-૧, તા.૦૫/૦૮/૨૦૨૨
5. મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, નવી દિલ્હીનો પત્ર ક્રમાંક:11/4/2021-CD-I (e-95706), તા.૦૧/૦૮/૨૦૨૩.
6. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૦૨૦૨૧/૫૧૩/બ-૧, તા.૨૪/૦૮/૨૦૨૨.
7. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: WCDD/DRA/e-file/23/2022/0033/B-1, તા.૨૩/૦૧/૨૦૨૩.
8. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: WCDD/DRA/e-file/23/2022/0033/B-1, તા.૨૪/૦૩/૨૦૨૩.

**<u>આમુખ</u>**

વંચાણે લીધા (૧) પરના ઠરાવથી નેશનલ ન્યુટ્રીશન મિશન (NNM) હેઠળની રાજ્ય કક્ષાની ૧૫ જગ્યાઓ, જિલ્લા કક્ષાની ૫૨ (બાવન) જગ્યાઓ અને ઘટક કક્ષાની ૫૫૦ જગ્યાઓને આઉટસોર્સથી ભરવાની મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધા (૨) પરના ઠરાવથી NNM હેઠળની જિલ્લા કક્ષાની ૧૪ જગ્યાઓ અને ઘટક કક્ષાની ૧૨૨ જગ્યાઓને આઉટસોર્સથી ભરવાની મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધા (૩) પરના ઠરાવથી NNM હેઠળની ઉપર મુજબની કુલ-૭૩૮ જગ્યાઓને તા.૨૮/૦૨/૨૦૨૩ સુધી આઉટસોર્સથી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધા (૪) પરના ઠરાવથી NNM હેઠળની ઉપર મુજબની કુલ-૧૫ જગ્યાઓને તા.૦૫/૦૭/૨૦૨૩ સુધી આઉટસોર્સથી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલી હતી. વંચાણે લીધા (૫) ભારત સરકારશ્રીના પત્રથી 'સક્ષમ આંગણવાડી અને પોષણ ૨.૦'ની ગાઇડલાઇન અનુસાર વંચાણે લેતા વિભાગના (૬) અને (૭) પરના ઠરાવથી ભારત સરકારશ્રીની ઉક્ત નવી ગાઇડલાઇન મુજબ NNM હેઠળની ઘટક કક્ષાની ૩૩૬ અને રાજ્ય કક્ષાની ૫ જગ્યા રદ કરવામાં આવેલ હતી. વંચાણે લીધા (૮) પરના ઠરાવથી NNM હેઠળ કુલ-૪૧૨ જગ્યાઓની આઉટસોર્સની સેવાઓ પૈકી ૪૦૯ જગ્યાઓની આઉટસોર્સની સેવાઓ લંબાવવાની મંજૂરી આપવામાં આવેલ હતી. રાજ્ય કક્ષાની બાકીની ૦૩ જગ્યા (કન્સલ્ટંન્ટ હેલ્થ એન્ડ ન્યુટ્રીશન-૦૧ જગ્યા, પ્રોજેક્ટ એસોસીએટ-૦૧ જગ્યા, અને પ્યુન-૦૧ જગ્યા)ની સેવાઓ આઉટસોર્સથી લેવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**//ઠરાવ//**

૨/- પોષણ અભિયાન ૨.૦ હેઠળની રાજ્ય કક્ષાની કન્સલ્ટન્ટ હેલ્થ એન્ડ ન્યુટ્રીશન-૦૧ જગ્યા માસિક રૂ.૬૦,૦૦૦/- (અન્ય ચાર્જીસ સિવાય), પ્રોજેક્ટ એસોસીએટ-૦૧ માસિક રૂ.૨૫,૦૦૦/- (અન્ય ચાર્જીસ સિવાય) અને પ્યુન-૦૧ જગ્યા માસિક રૂ. ૧૨,૦૦૦/- (અન્ય ચાર્જીસ સિવાય) એમ કુલ ૦૩ જગ્યાઓની સેવાઓ મંજુરી મળ્યા તારીખથી વધુ ૧૧ માસ માટે માન્ય એજન્સી મારફત આઉટસોર્સથી સેવાઓ લેવાની મંજુરી આપવામાં આવે છે.

<u>રાજ્ય કક્ષાની જગ્યાઓ :</u>

| ક્રમ | જગ્યાનુ નામ | કુલ જગ્યા | માસિક ફિક્સ વેતન (રૂ.) (અન્ય ચાર્જીસ સિવાય) |
|---|---|---|---|
| ૧ | કન્સલ્ટન્ટ (હેલ્થ એન્ડ ન્યુટ્રીશન) | ૦૧ | ૬૦,૦૦૦/- |
| ૨ | પ્રોજેક્ટ એસોસીયેટ | ૦૧ | ૨૫,૦૦૦/- |
| ૩ | ઓફિસ મેસેન્જર/પ્યુન | ૦૧ | ૧૨,૦૦૦/- |
| | કુલ | ૦૩ | |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૮/૦૭/૨૦૨૩ની નોંધ પર મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કૃણાલ હિંગુ)

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. અધિક મુખ્ય સચિવશ્રી (નાણા વિભાગ)નું કાર્યાલય, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
2. સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
3. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
4. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
5. નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
6. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
7. પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર/અમદાવાદ.
8. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
9. નાયબ સેક્શન અધિકારીશ્રીની સિલેક્ટ ફાઇલ.
10. શાખા સિલેક્ટ ફાઇલ.

Signature Not Verified
Signed by:Krunal Hingu
Section Officer
Date: 2023.08.23
16:37:35 +05:30



*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*